# ધનસુરામાં ૨૦૦ રૂપિયાની ચોરી મામલે પાંચ મજૂરના મુંડન કરાવતા હોબાળો







ધનસુરા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા ગામે ૨૦૦ રૂપિયા જેવી મામુલી રકમની ચોરીના આક્ષેપ સાથે શાકભાજીના દુકાનદારે તેની જ દુકાનમાં મજુરીકામ કરતા ઠાકોર કોમના પાંચ યુવકોને ઢોર માર મારી અર્ધમુંડન કરી શરમજનક સ્થિતિમાં મુકી દીધા બાદ રોષે ભરાયેલા ઠાકોર સમાજના લોકોએ ધનસુરા બંધનું એલાન આપી ઘટનામાં જવાબદારો સામે કડક કાર્યવાહી કરાય તેવી માંગ કરી હતી.

મજુરીકામ કરી મોટાભાગે પોતાના પરિવારનું ભરણપોષણ કરતા ઠાકોર સમાજના લોકો સાથે અવારનવાર શોષણના અનેક પ્રકારના બનાવો બનતા હોય છે. ત્યારે ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના પાંચ યુવકોને સામાન્ય રકમની ચોરીના આરોપસર જે પ્રકારે અમાનવીય વર્તન કર્યું તે સાંખી લેવાય



એમ નથી. ત્યારે ઢોર માર મારી પાંચ યુવકો અને તેના પરિવારને માનસિક ત્રાસ આપનાર વેપારીઓ સામે કાનૂની રાહે કડકમાં કડક પગલાં ભરાય તેવી માંગ ક્ષત્રીય ઠાકોર સમાજ દ્વારા સામુહિક લાગણી વ્યક્ત કરાઈ છે. ત્યારે આ મામલે જો કાચુ કાપવામાં આવશે તો વધુ આક્રમકતા સાથે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. ધવલસિંહ ઝાલાની આગેવાનીમાં ધનસુરા બંધનું સફળતા મળી હતી. ધનસુરામાં વેપારીઓ દ્વારા ચોરી અંગેનો ખોટો આક્ષેપ કરી માર મારવાના તેમજ શરમજનક સ્થિતિમાં મુકી દેવા અંગે ધનસુરા પોલીસમથકે બે વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધી બંને આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી લેવાયા છે. તેઓની સામે પૂર્ણ તપાસ કરી નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મહેસાણા-રાધનપુર માર્ગ પર વેપારી પાસેથી ૨૫ લાખની દિલધડક લૂંટ

મહેસાણા, તા. ૨૮

મહેસાણા ખાતે રાધનપુર રોડ પર બાઈક લઈને જઈ રહેલા એક વેપારીનો અજાણ્યા બાઈક સવારોએ પીછો કરી ધક્કો મારીને વેપારી પાસેથી રૂપિયા ૨૫ લાખની રોકડ રકમની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા જિલ્લામાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

વિગત એવી છે કે મહેસાણા ખાતે રહેતા વેપારી સંદિપ પટેલ આજે બપોરના સમયે મોટરસાયકલ પર રૂપિયા ૨૫ લાખની રોકડ રકમ સાથે શહેરના રાધનપુર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા કલરના પલ્સર બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સોએ તેમનો પીછો કરી આંતર્યા હતા. બાદ તેમને ધક્કો મારી તેમની પાસેથી રૂપિયા ૨૫ લાખની રોકડ રકમની આબાદ લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હતા. આ ઘટનાની પોલીસને જાણ થતાં પોલીસે સમગ્ર જિલ્લાની નાકાબંધી કરાવી લૂંટારૂઓને પકડવાના આદેશ કર્યા હતા. પરંતુ લુંટારૂઓ પકડાયા ન હતા. વેપારી પોતાના બનેવીને નાણાં આપવા માટે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં આ બનાવ બન્યો હતો.

આ બનાવ અંગે મહેસાણા બી. ડીવીઝન પોલીસે કાયદેસર તપાસ હાથ ધરી છે.

મહેસાણા શહેર અને જિલ્લામાં લૂંટના ગંભીર પ્રકારના ગુનાઓ વધતા વેપારી વર્ગ સહિત આમ જનતામાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

દરમિયાન બગોદરાની કરોડો રૂપિયાની લૂંટ તેમજ મહેસાણા ઊંઝા વચ્ચે ભાન્ડુ નજીક એસટી બસમાં આંગડીયા કર્મચારી પાસેથી રૂપિયા વીસ લાખની લૂંટના કેસમાં સંડોવાયેલ મનાતા અમૃત પટેલ નામના શખ્સને મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચે મહેસાણા શહેરના બિલાડી બાગ પાસેથી ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.



ભગિની સમાજ હિંમતનગરની સોમવારે વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ટ્રસ્ટી પલ્લવીબેન ગાંધી, નિલાબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે રાજેશ્રીબેન ત્રિવેદી, ઉપપ્રમુખ અનિતાબેન શાહ, સેક્રેટરી મયુરાબેન શાહ, જોઈન્ટ સેક્રેટરી તરીકે મંજુલાબેન સોનીની વરણી કરાઈ હતી. ઉપરાંત કારોબારીમાં નયનાબેન પટેલ, છાયાબેન શાહ, ગીતાબેન શાહ, ડાહીબેન પટેલ, કાન્તાબેન પટેલ, હંસાબેન પિત્રોડા, ઉર્વશીબેન ત્રિવેદી, કુંદનબેન દોશી અને મીનાક્ષીબેન દોશીનો સમાવેશ કરાયો હતો.

## હિંમતનગરમાં ૪.૮૦ લાખના ઘરેણાંની લૂંટ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના ખેડતસીયા રોડ પર આવેલા રિલાયન્સ મોલ નજીક સોમવારે રાત્રે જવેલર્સની દુકાનમાંથી થેલામાં ચાંદીના ઘરેણાં મુકી ઘર તરફ જવા નીકળેલી યુવતીના પ્લેઝર વાહન પરથી બાઈક પર પીછો કરતા બે ગઠિયા રૂા.૪.૮૦ લાખની મત્તાના ચાંદીના ઘરેણાં ભરેલા થેલાની લૂંટ ચલાવી ભાગી છુટતા દોડધામ મચી ગઈ હતી. લૂંટની ઘટના દરમિયાન પિતા-પુત્રીએ હિંમત દાખવી પોતાના વાહન દ્વારા બંને લૂંટારૂનો પીછો કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળતા સાંપડી હતી. જયારે પલ્સર બાઈક પર આવેલા બંને લૂંટારૂઓ મહાવીરનગરના પેલેસ રોડ તરફના આંતરિક માર્ગો પરથી અદ્રશ્ય થઈ ગયા હતા. ઘટના અંગે યુવતીએ હિંમતનગરના એ-ડીવીઝનમાં રાત્રે જાણ કર્યા બાદ સ્થાનિક પોલીસ હરકતમાં આવી હતી અને ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

લૂંટની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર વિરાટનગરમાં રહેતા ભીમજીભાઈ રાજમલજી સોનીની શહેરના બગીચા વિસ્તારમાં ગજાનંદ જવેલર્સ નામે ભાડાની દુકાન આવેલી છે. જે દુકાન પર ભીમજીભાઈ તથા તેમના પુત્ર ભાવેશભાઈ સોની કામનો વ્યવસાય કરે છે. જયારે ભીમજીભાઈની દિકરી ભૂમિબેન દરરોજ સવાર-સાંજ ભાઈ ભાવેશભાઈને દુકાને લેવા-મુકવા જાય છે. સોમવારે સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે ભૂમિબેન પોતાના પ્લેઝર નં.જીજે.૯.એકયુ.૬૦૪૭ લઈ ભાવેશભાઈને લેવા ગયા હતા. તે દરમિયાન ભાવેશભાઈને બજારનું કામ હોઈ તેમણે ભૂમિબેનને દુકાનમાં રાખેલ ચાંદીના રેડીમેઈડ દાગીના દુકાન બંધ કરતી વખતે ઘરે લઈ જવા જણાવ્યુ હતું.

### થેલામાં કેટલા ઘરેણાં હતા

દુકાનેથી ઘરે જવા નીકળેલી યુવતીના થેલામાં ચાંદીના પાયલ, ઝુડા, ચાંદીના ગણપતિની મૂર્તિઓ, વેઢ, માછલીઓ, વીંટીઓ, ચાંદીની લકીઓ, ચેઈનો મળી આશરે બાર કિલોથી વધુ રૂા.૪.૮૦ લાખની મત્તાના ચાંદીના ઘરેણાં મુકયા હતા.

દરમિયાનમાં ભૂમિબેન સોની રાત્રે ચાંદીના ઘરેણાં ભરેલો બ્રાઉન કલરનો થેલો પોતાના પ્લેઝર પર લઈ ઘરે જવા નીકળ્યા હતા. પાછળ તેમના પિતાજી ભીમજીભાઈ સોની પણ દુકાન બંધ કરી પુત્રીના વાહન પાછળ-પાછળ જ બાઈક પર નીકળ્યા હતા. તે દરમિયાન ભૂમિબેન ખેડતસીયા માર્ગ પર આવેલા રિલાયન્સ મોલ નજીક પહોંચતા જ પાછળ પલ્સર બાઈક પર પીછો કરી રહેલા બે ગઠિયા પૈકીના પાછળ બેઠેલા એક ગઠિયાએ વાંકાવળી ભૂમિબેનના પ્લેઝર પર પગ મુકવાની જગ્યાએ વચ્ચે મુકેલ ઘરેણાં ભરેલો થેલો એકદમ ખેંચી લઈ લૂંટ ચલાવી ભાગી છુટયા હતા. ત્યારબાદ ભૂમિબેન તેમજ પાછળ બાઈક પર આવતા ભીમજીભાઈએ લૂંટ ચલાવી ભાગી છુટેલા પલ્સર બાઈક સવાર લૂંટારૂઓનો પીછો કર્યો હતો. જેમાં તેમને નિષ્ફળતા સાંપડી હતી. લૂંટની ઘટના સંદર્ભે ભૂમિબેન સોનીએ પલ્સર બાઈક પર આવેલા ૨૦થી ૨૫ વર્ષના બે અજાણ્યા ગઠિયા વિરૂધ્ધ હિંમતનગર એ-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રૂા.૪.૮૦ લાખની મત્તાના ચાંદીના ઘરેણાં ભરેલા થેલાની લૂંટ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ૧૧ જુલાઈએ રેલવેના પૈડા થંભી જશે

### વેસ્ટર્ન રેલવે યુનિયન દ્વારા રેલવે કર્મચારીઓની માંગણીને લઈને ભારત સરકારના રેલવે મંત્રાલયને અલ્ટીમેટમ

પાલનપુર, તા. ૨૮

દેશભરમાં આગામી ૧૧ જુલાઈએ રેલ્વેના પૈડા થંભી જશે કેમ કે વેસ્ટર્ન રેલવે યુનિયન દ્વારા રેલવે કર્મચારીઓની માંગણીને લઈને ભારત સરકારના રેલવે મંત્રાલયને અલ્ટીમેટમ આપ્યુ છે. જિલ્લામથક પાલનપુર વેસ્ટર્ન રેલ્વે યુનિયનની કચેરી ખાતે અમદાવાદના એસ એચ પાલના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં રેલવે કામદારોની માંગણીના મામલે ચર્ચા કરાઈ હતી. બાદમાં હોદ્દેદારો દ્વારા ભારત સરકારના વિરૂદ્ધમાં સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

ભારત સરકાર દ્વારા રેલવેને ખાનગીકરણના મુદ્દે રેલ્વે મુસાફરોના હિતમાં તેમજ રેલવે કર્મચારીઓની પડતર માંગણીઓને લઈને કેન્દ્રની ભાજપ સરકાર સામે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. આગામી ૧૧મી જુલાઈ સુધી રેલ્વે કામદારોના હિતમાં કેન્દ્ર સરકાર નહીં વિચારે તો દેશભરમાં રેલવેમના પૈડા થંભાવી દેવાની ચિમકી ઉચ્ચારી હતી.



### અપહરણના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો શખ્સ પકડાયો

અરવલ્લી જિલ્લાના ધનસુરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪માં અપહરણના ગુનામાં સંડોવાયેલ મહેન્દ્રભાઈ રમેશભાઈ પગી (રહે.ગઢડાકોટ, તા.ધનુસરા) ને સાબરકાંઠા એલસીબીના સ્ટાફે વોચ ગોઠવીને તેને ત્રણ દિવસ અગાઉ હિંમતનગરમાંથી ઝડપી લીધો હતો. ત્યારબાદ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપી ધનસુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી.

### બાઈક ચોરીમાં સંડોવાયેલો શખ્સ પકડાયો

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૭૦/૦૧૬ ના બાઈક ચોરીના નોંધાયેલા ગુના સંદર્ભે એલસીબીએ સોમવારે વહેલી સવારે હિંમતનગર તાલુકાના તિતપુર ગામના દિલાવર સત્તારભાઈ મેમણને શંકાના આધારે ઝડપી લઈ જેલ હવાલે કરી દીધો હતો. ત્યારબાદ એલસીબીએ આ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. તેજ પ્રમાણે જાદર પોલીસે પણ પ્રકાશભાઈ ઉર્ફે મામુ નાનજીભાઈ કોટડ (રહે.હિંમતનગર) ને પણ શકમંદ તરીકે ઝડપી લઈ જાદરના પી.એસ.આઈ. એ.આર.ચૌધરીએ તેની વધુ પુછપરછ હાથ ધરી છે.

### હિંમતનગરના મોતીપુરામાંથી ધોળે દહાડે બાઈક ચોરાયું

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં પેટ્રોલપંપની બાજુમાં વિશાલસિંહ કાળુસિંહ પરમારે ત્રણ દિવસ અગાઉ પોતાનું બાઈક નં.જીજે.૯.સીબી.૩૫૩૨ને લીંમડાના ઝાડ નીચે પાર્ક કર્યુ હતું. ત્યારબાદ ગત તા.૨૫ જૂનના રોજ અજાણ્યો શખ્સ રૂા.૧૫ હજારના બાઈકની ચોરી કરી ભાગી ગયો હતો. જે અંગે વિશાલસિંહે બાઈકની તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે મંગળવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

## મોડાસાની પરમહંસ સોસાયટીના ખુલ્લા કૂવામાં ગાય ખાબકતા મોત

### જીવદયાપ્રેમીઓ અને સોસાયટીના નગરજનોમાં ઉગ્ર રોષ : નગરપાલિકાને જાણ કરવા છતા ગાયને બહાર કાઢવા ઉદાસીનતા : જેસીબી દ્વારા મૃત ગાયને બહાર કાઢવા હવાતિયા

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સહયોગ ચોકડી નજીક આવેલી પરમહંસ સોસાયટીની માલિકીના ખુલ્લા કૂવામાં આક્સમિક રીતે ગાય પડી જતા મોત નિપજ્યું હતું. સોસાયટીના નગરજનો દ્વારા જીવદયાપ્રેમીઓ અને નગર પાલિકાતંત્રનો જાણ કરતા નગરપાલિકા તંત્ર દ્વારા જેસીબી મશીન સાથે બે જેટલા માણસો જ મોકલતા ગાયને બહાર કાઢવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જીવદયાપ્રેમીઓ ગાયને બચાવવા દોડી આવ્યા હતા પરંતુ મૃત હાલતમાં જોતા નિરાશા ફેલાઈ હતી.

મોડાસા શહેરની સહયોગ ચોકડી નજીક હીમલેન્ડ થીએટરની પાછળની બાજુએ આવેલી પરમહંસ



સોસાયટીની માલીકીના કૂવામાં ગાય પડેલી જોતા સોસાયટીના લોકો ભેગા થઈ ગયા હતા અને ગાયને બહાર કાઢવા પ્રાથમિક પ્રયાસો હાથ ધરાતા નિષ્ફળતા મળતા સોસાયટીના રહીશોએ મોડાસા શહેરના જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી અને નગરપાલિકાતંત્રને જાણ કરતા નગરપાલિકાતંત્ર જેસીબી મશીન સાથે બે ત્રણ માણસો મોકલી આપ્યા હતા તેમજ જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા જેસીબી મશીન સાથે બે કે ત્રણ માણસો મોકલતા ગાયને મૃત હાલતમાં જોતા બહાર કાઢવા માટે મથામણ કરતા હતા. નગરપાલિકા તંત્રને ગાયને બહાર કાઢવા પાંચથી છ કલાક પહેલા જાણ કરી હોવા છતાં ગાયને બહાર કાઢવા માટે હવાતીયા મારતા હોવાથી સોસાયટીના રહીશોમાં રોષ ફેલાયો હતો. તેમજ સોસાયટીના રહીશો દ્વારા કૂવા પર કૂવાના માલીકને જાણ કરવા છતાં ઝાડી ન લગાવતા એક વર્ષમાં ગાયને કૂવામાં પડવાની ત્રીજી ઘટના બની હતી. જેમાં મંગળવારે ગાય કૂવામાં ખાબકી અકાળે મોત નિપજતા સોસાયટીના રહીશોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

## મોડાસા આરટીઓમાં ગેરકાયદેસર એજન્ટનો રાફડો

મોડાસા, તા. ૨૮

મોડાસાની આરટીઓ કચેરી પહેલેથી જ ગેરકાયદેસર એજન્ટોનો રાફડો ફાટ્યો છે. જેમાં વચ્ચે ૬૩ જેટલા ગેરકાયદેસર એજન્ટોને લઈ એસીબીના દરોડા પડતા મોટા ભાગના એજન્ટ ભૂગર્ભમાં જતા રહ્યા હતા. ત્યારે થોડાક જ દિવસોમાં ફરી પોતાની લાઈન દોરીથી અધિકારીઓના કોન્ટેકમાં રહીને કામો કરવામાં માહિર બનેલા એજન્ટો પ્રજાના ખીસ્સા ખાલી કરવા લાગ્યા છે. જ્યારે આરટીઓ ઈન્સ્પેક્ટરને તો ઠંડા એસીના પવન ખાવામાંથી ઊંચા આવે તો પ્રજાલક્ષી વિકાસ થાય તેવા અનેક તર્ક વીતર્ક પ્રજામાં ચર્ચાય છે. પણ આમ જનતાના પૈસે અધિકારીઓની તાનાસાહીનો ભોગ બને છે.

આરટીઓ કચેરીમાં ૧૨ વાગ્યે જ કામ શરૂ કરે છે જ્યારે ૧૦.૩૦ વાગ્યાના નોટીસ લગાવવામાં આવી છે. દૂરથી આવેલી પ્રજાને મોડેથી ચાલુ થયેલી કામગીરીને મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. જો અરજદાર વિરોધ કરે તો કામગીરી પુરી ના થાય અને અધિકારીઓની તાનાશાહીનો ભોગ બને છે. જ્યારે ૧૨ વાગે ટેબલો પર વેરીફાઈ ઓફિસરને નાસ્તાના મીજબાનીમાં મશગુલ બનીને કામ શાંતિથી કરે છે. જેને લઈ ઘણી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠે છે.

## હિંમતનગરની અક્ષર સોસાયટીના મકાનમાંથી ૧.૫ લાખની ચોરી

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરને જાણે કે તસ્કર અને લૂંટારૂ ટોળકીઓએ બાનમાં રાખ્યું હોય તેમ દિનપ્રતિદિન આવી ઘટનાઓ વધી રહી છે. શહેરના મોતીપુરામાં આવેલી એક સોસાયટીના મકાનમાંથી તસ્કર ટોળકીએ રહીશોની હાજરીમાં જ ચોરીની ઘટનાને અંજામ આપી સોના-ચાંદીના દાગીના, લેપટોપ, મોબાઈલ સહિત રૂા.૧.૦૫ લાખની માલમત્તા ચોરી ભાગી છુટયા હતા. રહીશે ઘરફોડ ચોરીના મામલે એ-ડીવીઝનમાં મંગળવારે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી હતી.

ઘરફોડ ચોરીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર મોતીપુરાની અક્ષર સોસાયટીમાં રહેતા છત્રાભાઈ રત્નાભાઈ બારીયા સોમવારે રાત્રે રૂમ ખુલ્લો રાખી સુઈ ગયા હતા. તે દરમિયાન મોડી રાત્રે તસ્કર ટોળકીએ ઘરમાં પ્રવેશી રૂા.૭૮ હજારની મત્તાના સોના-ચાંદીના દાગીના, રૂા.૨૦ હજારની કિંમતનું લેપટોપ, કાંડા ઘડિયાળ, મોબાઈલ ફોન મળી રૂા.૧.૦૫ લાખની માલમત્તા ચોરી રફુચક્કર થઈ ગયા હતા.

ચોરીના મામલે મૂળ સંતરામપુર તાલુકાના આંબલીયા ગામના અને હાલમાં અક્ષર સોસાયટીમાં રહેતા છત્રાભાઈ રત્નાભાઈ બારીયાએ મંગળવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે હરકતમાં આવી સ્થળ તપાસ સહિત ગુનો દર્જ કરવાની કાર્યવાહી કરી હતી. શહેરમાં ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ સાથે લૂંટની ઘટનાઓ વધતા નગરજનો હવે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે અને નિષ્ક્રિય બની રહેલી સ્થાનિક પોલીસ પર રોષ ઠાલવી રહ્યા છે.